# અધિક પોલીસ મહાનિદેશકશ્રી સી.આઇ.ડી ક્રાઇમ અને રેલ્વેઝની કચેરી

ચોથો માળ સેકટર-૧૮, પોલીસ ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર
કચેરી સંપર્ક નંબર-૦૭૯-૨૩૨-૫૯૯૧૫ e-mail ID:cor-crime@gujarat.gov.in

## ફાઇનાન્સીયલ ઇન્વેસ્ટીગેશન એડવાઇઝરની (આઉટસોર્સ) કરાર આધારિત જગ્યાની ભરતી

પોલીસ વિભાગ માટે ફાઇનાન્સીયલ ઇન્વેસ્ટીગેશન એડવાઇઝરની જગ્યાઓ ૧૧ માસના કરાર આધારિત ધોરણે ભરવા માટે ઇચ્છુક ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમૂનામાં અરજી મંગાવવામાં આવે છે.

| જગ્યાનુ નામ | કુલ જગ્યા | પગાર અને ભથ્થા | લાયકાત અને અનુભવ |
|---|---|---|---|
| ફાઇનાન્સીયલ ઇન્વેસ્ટીગેશન એડવાઇઝર | ૦૯ | રૂ.૨૫,૦૦૦/- માસિક ફીક્સ | સી.એ. ની ડીગ્રી તથા પાંચ વર્ષનો ફાઇનાન્સીયલ ક્ષેત્રનો અનુભવ (એલ.એલ.બી. ટેક્ષેશન ડીગ્રીને પ્રાધ્યાન્ય આપવામાં આવશે.)<br>અથવા<br>સ્નાતક પછી ભારતીય રાજસ્વ સેવાનો (ઇન્કમટેક્ષ વિભાગ)માં આકારણી/અપીલનો વર્ગ-૧ નો ઓછામાં ઓછો ૦૭ વર્ષનો તથા વર્ગ-૨ સહિત કુલ-૧૫ વર્ષથી ઓછો નહી તેવો અનુભવ<br>અથવા<br>સ્નાતક પછી પબ્લીક સેકટરમાં બેંક મેનેજર તરીકે ઓછામાં ઓછા ૦૭ વર્ષ ફરજ બજાવી હોવી જોઇએ. |

<u>અન્ય વિગતો:</u>

૧. ગુજરાતી, હીન્દી તથા અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્વ જરૂરી.

૨. CCC સમકક્ષનું કોમ્પ્યુટરનું નોલેજ હોવુ જરૂરી.

૩. અરજીપત્રકનો નમુનો તથા કરારની બોલીઓ અને શરતો તા.૨૮/૦૩/૨૦૨૩ થી તા.૦૯/૦૪/૨૦૨૩ સુધીમાં કચેરીની વેબસાઇટ http://cidcrime.gujarat.gov.in/ ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

૪. સંપૂર્ણ વિગતો સાથે ભરાયેલ અરજી પત્રક જરૂરી પ્રમાણપત્રોની નકલ સાથે તા. ૦૯/૦૪/૨૦૨૩ સુધીમાં " અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી ક્રાઇમ અને રેલ્વેઝની કચેરી, સેકટર-૧૮, પોલીસ ભવન, ચોથો માળ, ગુ.રા, ગાંધીનગર-૩૮૨૦૧૮ " ના સરનામે રજી.પોસ્ટથી મોકલી આપવાની રહેશે. કાયમી સરનામા પરથી રજી. પોસ્ટ કરવું અને ઉમેદવારનો મોબાઇલ નંબર તથા પરિવારના એક સભ્યનો મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો. અરજીપત્રક રૂબરૂમાં સ્વીકારવામાં આવશે નહી.

૫. નિયત કરેલ સમયની બહારની અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી.

૬. અરજદાર વિરૂદ્ધ કોઇ પણ ક્રીમીનલ કેસ/ગંભીર કાયદાકીય પ્રક્રિયા/ખાતાકીય તપાસ પડતર કે સુચિત ના હોવી જોઇએ.

( આર.બી. બ્રહ્મભટ્ટ)
અધિક પોલીસ મહાનિદેશક
સી.આઇ.ડી ક્રાઇમ અને રેલ્વેઝ
ગુ.રા, ગાંધીનગર

## ફાઇનાન્સીયલ ઇન્વેસ્ટીગેશન એડવાઇઝરની જગ્યા માટેનું અરજી પત્રક

| અરજદારનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ |
|---|

પ્રતિ,
અધિક પોલીસ મહાનિદેશકશ્રી
સી.આઇ.ડી ક્રાઇમ અને રેલ્વેઝ
સેકટર-૧૮, ચોથો માળ, પોલીસ ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | અરજદારનુ પુરૂ નામ | અટક | નામ | | પિતા/પતિનુ નામ | |
| ૨ | પત્ર વ્યવહારનુ સરનામુ અને સંપર્ક નંબર | | | | | |
| ૩ | જન્મ તારીખ | | | | | |
| ૪ | ઉંમર | | | | | |
| ૫ | અભ્યાસ | ક્રમ | પદવી | માન્ય યુનિ.નું નામ | પાસ કર્યાનુ વર્ષ | મેળવેલ ટકા/વર્ગ |
| | | ૧ | | | | |
| | | ૨ | | | | |
| | | ૩ | | | | |
| ૬ | અન્ય લાયકાત | | | | | |
| ૭ | અનુભવ | | | | | |

### બાંહેધરી પત્રક

આથી હું ................................... જાહેર કરૂ છું કે ઉપર દર્શાવેલ વિગતો સંપૂર્ણપણે સત્ય છે, જો દર્શાવેલ માહિતી ખોટી કે ગેરમાર્ગે દોરનારી જણાશે તો પોલીસ મહાનિદેશકશ્રી સી.આઇ.ડી ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજય, ગાંધીનગરનો નિર્ણય મને બંધનકર્તા રહેશે.

અરજી કર્યા તારીખ:

( ઉમેદવારની સહી )

❖ ફાઇનાન્શીયલ ઇન્વેસ્ટીગેશન એડવાઇઝરની- ૧૩ જગ્યાઓ માટે જરૂરી લાયકાત :-

➢ સી.એ.ની ડિગ્રી – પાંચ વર્ષનો ફાઇનાન્શિયલ ક્ષેત્રનો અનુભવ( એલ.એલ.બી ટેક્ષેશન) ની ડિગ્રીને પ્રાધાન્ય આપવુ.

અથવા

➢ સ્નાતક પછી ભારતીય રાજસ્વ સેવા (ઇન્કમ ટેક્ષ વિભાગ)માં આકારણી/અપીલનો વર્ગ-૧ નો ઓછામાં ઓછો ૭ વર્ષનો તથા વર્ગ -૨ સહિત કુલ ૧૫ વર્ષથી ઓછો નહીં તેવો અનુભવ

અથવા

➢ સ્નાતક પછી પબ્લીક સેક્ટરમાં બેંક મેનેજર તરીકે ઓછામાં ઓછા ૭ વર્ષ ફરજ બજાવી હોય તેવા અનુભવ ધરાવતાં ઉમેદવારની નિમણૂંક કરી શકાશે.

શરતો :-

➢ ૧૧ માસના સમય માટે કરારના ધોરણે અપાતી માનદ/ વેતનથી નિમણૂકો અંગેની બોલીઓ અને શરતો નીચે મુજબ છે.:-

(૧) શ્રી................. .ને કરારના સમયગાળા દરમ્યાન રૂ. ...................ના માસિક ફિક્સ પગાર /માનદ વેતન મળશે. તેઓની નિમણૂક કરારના ધોરણે ગણવામાં આવશે તથા કરારની મુદત ૧૧ માસની રહેશે.

(૨) ઉભયપક્ષે એક માસની નોટીસ અથવા એક માસના ફિક્સ પગારની રકમ/માનદ વેતન સાથેનો નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.

(૩) નિયત ફિક્સ પગાર માનદવેતન પર કોઈપણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહી.

(૪) કરારના સમયગાળા દરમ્યાન શ્રી............... ને ફિક્સ પગાર/માનદવેતનમાં કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે નહીં.મોંઘવારી ભથ્થુ, વચગાળાની રાહત અથવા પગારપંચના બીજા લાભો કે સેવા વિષયક અન્ય કોઈ લાભો મળવાપાત્ર થશે નહીં.

(૫) કરારના સમયગાળા દરમ્યાન મેડિકલ રિએમ્બસમેન્ટ મળવાપાત્ર થશે નહીં.

(૬) કરારના સંયગાળા દરમ્યાન બજાવેલ સેવા નોકરી પેન્શન, બોનસ, એલ.ટી.સી. એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય કોઈ નાણાંકીય લાભો સરકારશ્રી પાસેથી મેળવવાને પાત્ર ગણાશે નહીં.

(૭) કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનું અવસાન થાય તો તેમણે બજાવેલી ફરજના સમયગાળાની ફિક્સ પગાર/માનદ વેતનની લેણી રકમ કર્મચારીના કુટુંબીજનોને મળવાપાત્ર થશે પરંતુ બીજા લાભ એક્સગ્રેસિયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુસાંગિક લાભ મળવાપાત્ર થશે નહીં.

(૮) શ્રી.................. ને સમાન સંવર્ગના અધિકારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે તેમજ પ્રાઈવેટ પ્રેક્ટિસ કન્સલટીંગ કે અન્યત્ર પાર્ટ ટાઈમ નોકરી કરી શકશે નહીં. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરિયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લઈ શકાશે નહીં.

(૯) શ્રી.................ને કરારના સમય દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૧ પરચૂરણ રજાઓ મળવાપાત્ર થશે અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહીં. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના દિવસના પગારની કપાત કરી લેવામાં આવશે. મહિલા કર્મચારીઓને રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે.

(૧૦) શ્રી..............એ કાર્યમથક પર રહેઠાણે રહેવાનું ફરજિયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહીં.

(૧૧) ફરજના ભાગરૂપે મુખ્ય મથકથી ૮ કિ.મી. બહાર થવાનું થાય તો ૬ કલાકથી વધુ ૧૧ કલાક સુધીના રોકાણ માટે વર્ગ-૨ના અધિકારીને મળવાપાત્ર મળવાપાત્ર થશે તેમજ મુસાફરી ભાડાપેટે એસ.ટી.બસ /રેલ્વેનું બીજા વર્ગનું ભાડું મળવાપાત્ર થશે.

(૧૨) કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઈપણ સમયે નોકરી સમાપ્ત કરવામાં આવશે.
(૧૩) સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નક્કી થાય તે પણ બંધનકર્તા રહેશે.
(૧૪) વ્યવસાય વેરાની કપાત નિયમાનુસાર ફિક્સ પગાર /માનદ વેતનથી કરી લેવાની રહેશે.
(૧૫) નિમણુંકના સમય દરમ્યાન તેમણે બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઇપણ પ્રકારની ફોજદારી કે દીવાની કાર્યવાહી સબબ રાજ્ય સરકારની કોઇ જવાબદારી રહેશે નહીં.
(૧૬) કરાર આધારિત ઉચ્ચક વેતનથી/માનદ વેતનથી નિમણુંક પામેલ વ્યકિતને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ થવા અંગેનો કોઇ હકક પ્રાપ્ત થશે નહી.
(૧૭) ઉપરોક્ત શરતો નિમણૂંક પામનાર વ્યક્તિને સ્વીકાર્ય છે તે અંગેનું સંમતિપત્રક મેળવવાનું રહેશે.
(૧૮) આ ભરતી જે તે સંવર્ગની નિયત કરવામાં આવેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરતીની નિયત કરાયેલ પ્રક્રિયાને અનુસરીને જ કરવાની રહેશે અને નિયત અરજી પત્રકમાં આ શરતોનો સમાવેશ કરવાનો રહેશે.
(૧૯) આ કરાર આધારિત ફરજ ઉપર જોડાતા પહેલા શારીરિક યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
(૨૦) કરારથી ફિક્સ પગાર/માનદ વેતનથી જોડાનાર વ્યકિતએ કરાર કરવાનું સ્વીકારતા પહેલા તેમની સેવા લેનાર સત્તાધિકારીને યોગ્ય લાગે તો પર્સનલ એકસિડન્ટ યોજના અંતર્ગત વીમો મેળવી લેવાનો, અદ્યતન કરાવવાનો તથા તેનો આધાર કચેરીમાં રજુ કરવાનો રહેશે. આ અંગે વિમાના પ્રિમિયમનો ખર્ચ કચેરી દ્વારા ભોગવવામાં આવશે નહીં.
(૨૧) કરાર આધારીત સેવાઓ વહીવટી મંજુરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેના થી વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પાશ્ચાત્ય વર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.
(૨૨) કરાર આધારીત સેવાઓ લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત કાર્યપધ્ધતિને અનુસરી ભરવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
(૨૩) કરાર આધારીત સેવાઓ ૧૧ માસ માટે લેવાની રહેશે . સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
(૨૪) સંબંધિત કચેરીએ રાજ્ય સરકારની પ્રવર્તમાન કરાર આધારીત સેવાઓની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી સંબંધિત કચેરીની રહેશે.
(૨૫) મહેનતાણાના દરો કેંદ્રીય યોજના હેઠળ નિયત થયેલ હોય કે સેવા સંબંધિત વિભાગના પરામર્શમાં નિયત કરી તેના આધારે સાથે નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવી ચુકવવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેન્તાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.
(૨૬) કરાર આધારીત સેવાઓ મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.

(૨૭) કરાર આધારીત સેવાઓ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો
ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધાર
નહિ.

(૨૮) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને અ
નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨૯) પ્રસ્તુત બાબત માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષ
અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩૦) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરા
અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩૧) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમ
રહેશે.

(૩૨) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બ
રકમ વર્ષ આખરે સરન્ડર ૩+કરવાની રહેશે.

(૩૩) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવ
આપોઆપ રદ ગણાશે.

(૩૪) નાણા વિભાગ દ્વારા જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઇપણ
નાણા વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહી.